# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

સા વિદ્યા યા વિમુક્તયે

## તૃતીય વર્ષ અભ્યાસક્રમ-૧૦

માર્ચ 2022

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં.

**પ્રશ્ન- ૧ ખાલી જગ્યા પુરો.** ૨૦

૧. જેમ જેમ ઇન્દ્રિયો વધતી જાય તેમ તેમ ........................... ઓ પણ વધતી જ જાય છે.
૨. શાન્તિ, સ્તવ પૂર્વસૂરિઓએ ગુરુ આમ્નાયપૂર્વક પ્રકટ કરેલાં ........................... થી ગુંથાયેલું છે.
૩. સાચું રૂપ દેહમાં નહીં ........................ ના સ્વરૂપમાં છે.
૪. ......................... ના ભવ્ય જિનાલયના નિર્માણમાટે છસો કુશળ સલાટોએ આઠ વર્ષ કામ કર્યું .
૫. આહારના અજીર્ણ કરતાં ........................ નું અજીર્ણ વધારે ખતરનાક છે.
૬. કર્મનો સંગ છૂટી જાય તો આત્માની ........................ થી ઉર્ધ્વગતિ થાય છે.
૭. અલ્પબહુત્વનો સૂક્ષ્મતાથી ઉંડાણ પૂર્વક વિચાર કરવામાં આવે તો ખ્યાલ આવે કે આ વિશ્વમાં રહેલા સર્વ પ્રકારના જીવોમાં સહુથી અલ્પ સંખ્યામાં ....................... છે.
૮. .......................ના શ્રુત મદના પરિણામે આ ભરત ક્ષેત્રમાં ૧૪ પૂર્વના રહસ્યનો અને પરંપરાએ ચૌદ પૂર્વનો લોપ થયો.
૯. ગતિ સહાયક ......................... અલોકમાં ન હોવાથી અલોકમાં સિદ્ધના જીવો જઈ શકતા નથી.
૧૦. શ્રી જિનેશ્વર દેવનું પૂજન કરતાં સમસ્ત પ્રકારનાં ....................... નાશ પામે છે.
૧૧. સિદ્ધ પરમાત્માને વેદનીય કર્મના સંપૂર્ણ ક્ષયથી ........................ હોય છે.
૧૨. માતા નામિલદેવીએ ગર્ભાધાન સમયે ........................ ને નિરખ્યો હતો.
૧૩. કયા જીવોની સંખ્યા ઓછી .. કયા જીવોની સંખ્યા તેનાથી કેટલી વધુ તેની જાણકારી જીવોનું ........................ કહેવાય છે.
૧૪. ........................ એ સુખનો નહીં, દુઃખનો માર્ગ છે.
૧૫. અગ્નિ જ્વાળાનો સ્વભાવ ઉપર જવાનો છે તેવીજ રીતે ................. નો સ્વભાવ ઉપર જવાનો છે.
૧૬. ...................... પણ મનુષ્યથી અસંખ્યાત ગુણ અધિક છે.
૧૭. સિદ્ધ પરમાત્મા જ્યારે દેહનો ત્યાગ કરે છે ત્યારે જે સંસ્થાનમાં હોય છે તેજ સંસ્થાન મુક્તિના વિષે સિદ્ધના જીવોના .................... નું હોય છે.
૧૮. જહાંગીરે પ્રતિમાને વંદન કરતાં પાષાણ પ્રતિમાએ એક હાથ ઉંચો કરીને સમ્રાટને ઉચ્ચ સ્વરે ................ આપ્યો.
૧૯. ત્રણ યોગ વિરામ પામે તો જ મને ...................... શાશ્વત સ્થાન સ્વરૂપ મોક્ષપદની પ્રાપ્તિ થાય.
૨૦. જેમનાં નામ-મંત્ર અને અક્ષર મંત્રોની .................. પૂર્વક સ્તવાયેલી જયાદેવી નમન કરનારાઓને શાંતિ કરે છે.

**પ્રશ્ન- ૨ એક શબ્દમાં જવાબ લખો -** ૧૫

૧. કોના બીજની જેમ બંધ છેદથી સિદ્ધ પરમાત્માની ઉર્ધ્વગતિ થાય છે ?
૨. ઉદેપુરના સંઘે પૂ. કલ્યાણસાગરસૂરિને કયા પદે વિભુષિત કર્યા ?
૩. સિદ્ધ ભગવંતોને શેનુ સુખ છે.
૪. દંડકની રચના સમયે કોનું પુણ્યવંતુ સામ્રાજ્ય પ્રવર્તતું હતું ?
૫. સનત્ કુમાર ચક્રવર્તીને છ ખંડના વૈભવ કરતાં વધારે સુંદર શુ ભાસ્યો.
૬. નારકોથી અસંખ્યાત ગુણ અધિક કયા જીવો છે ?
૭. સિદ્ધશીલા શેના આકારની છે ?
૮. સાચું સુખ શું બનવામાં છે ?
૯. શ્રી જયશેખર કૃત કલ્પસૂત્ર સુખાવબોધ વિવરણની પ્રત સૂવર્ણાક્ષરે કોણે લખાવી ?
૧૦. વિઘ્નરૂપી વેલીઓ શેનાથી છેદાઈ જાય છે ?
૧૧. ચક્રવર્તીપદ અને ઇન્દ્રપદને ભોગવવાથી જે સુખ પ્રાપ્ત થાય તેને શું કહેવાય ?
૧૨. નેપાળ દેશમાં ભદ્રબાહુસ્વામી શેની સાધના કરતા હતા ?
૧૩. સંસ્કૃતમાં ભોજ વ્યાકરણ કોણે રચ્યું ?
૧૪. દુઃખ ટાળવું હોય, સુખ પામવું હોય તો શું બનવા પુરુષાર્થ આદરવો જોઈએ ?
૧૫. સોનાને ગાળવાનું પાત્ર, એને શું કહે છે ?

**પ્રશ્ન - ૩ નીચે આપેલા શબ્દો ના અર્થ લખો.** ૧૦

૧) કુલાલ ૨) અપ્પહિયા ૩) વ્યોમ ૪) મુક્ખપયં ૫) સંસ્તુતા ૬) એતિ ૭) મનોજ્ઞ ૮) શક્ર
૯) શ્રુતાર્ણવાત્ ૧૦) એવં ૧૧) ભેયા ૧૨) વિરચ ૧૩) તિર્યક ૧૪) બિઉણ ૧૫) હિ ૧૬) અહિયા
૧૭) સીસેણ ૧૮) ભવણ ૧૯) યાયાત્ ૨૦) સુલહં

**પ્રશ્ન - ૪ જોડકા જોડો (ફક્ત બી નો નંબર લખો)** ૧૦

| | A | | B |
|---|---|---|---|
| ૧) | આગંરા | ૧) | મહાતપસ્વી સાથી મુનિઓ |
| ૨) | ગોફણ પત્થર | ૨) | અની:પાતની |
| ૩) | ચક્ષુરિન્દ્રિય ગુલામી | ૩) | અરૂપી |
| ૪) | મુક્તિ | ૪) | તેઉકાય |
| ૫) | રાયસી શાહ | ૫) | શ્રી માનદેવસૂરિ |
| ૬) | તપ મદ | ૬) | ચિદાનંદ મય |
| ૭) | ઉલ્કાપાત | ૭) | પતંગિયા |
| ૮) | શ્રી શાન્તિ-સ્તવ | ૮) | માંઢા જિનાલય |
| ૯) | સિદ્ધ ભગવંત | ૯) | પૂર્વ પ્રયોગ |
| ૧૦) | નામકર્મક્ષય | ૧૦) | મહાવીરસ્વામી |

**પ્રશ્ન-૫ નીચે ના પ્રશ્નોના જવાબ સંખ્યામાં લખો.** ૧૦

૧. વિ.સ. ૧૬૭૫ વૈશાખ સુદ ૮ ના પૂ. કલ્યાણસાગરસૂરિના ઉપદેશથી કેટલા જિનબિમ્બોની પ્રતિષ્ઠા થઈ ?
૨. પ્રભુની વૈરાગ્યમય દેશના સાંભળી ભરત મહારાજાના કેટલા ભાઈઓએ દીક્ષા લીધી ?
૩. મુક્તાત્માની ઉર્ધ્વગતિના હેતુ કેટલા છે ?
૪. ખંભાતમાં પદ્મસિંહ શાહે કેટલા પાર્શ્વનાથના સ્ફટિક બિંબ પ્રતિષ્ઠિત કર્યા ?
૫. સ્થુલીભદ્રની કેટલી બહેનોએ દીક્ષા લીધી હતી ?
૬. અનાદિ કાળથી જીવ કેટલા દંડકમાં પરિભ્રમણ કરી રહ્યો છે ?
૭. સિદ્ધશીલા સર્વાર્થસિદ્ધ વિમાનથી કેટલા યોજન ઉપર છે ?
૮. દંડ કેટલા છે ?
૯. શાંતિ સ્તવમાં કુલ કેટલી ગાથા છે ?
૧૦. સનત્ કુમાર ચક્રવર્તીના શરીરમાં અચાનક કેટલા રોગ ઉત્પન્ન થયા ?

**પ્રશ્ન - ૬ નીચે ના વાક્યો સાચા ( ✓ ) છે ખોટા (×) તે જણાવો** ૧૦

૧. સનત્ કુમાર ચક્રવર્તીને વૈદ કે હકિમોના શરણને બદલે અરિહંતનું શરણ સાચું લાગ્યું.
૨. સિદ્ધ ભગવંતોનું સુખ કલેશ થી રહિત અવ્યય છે.
૩. ધવલચંદ્રના શિષ્ય જિનહંસમુનિ હતા.
૪. શ્રાવિકા હીરબાઈએં સંઘ સહિત શત્રુંજયની નવ્વાણું વાર યાત્રા કરાવી હતી.
૫. કામ સાધનને પણ શસ્ત્ર બનાવી દેવાની તાકાત ધરાવે છે.
૬. દેવગિરિ નિવાસી શ્રેષ્ઠી તુકજીના પુત્ર હાસુજીએ અદ્બુદજીના મંદિરનો કોટસહિત જીર્ણોદ્ધાર કર્યો.
૭. ગજસાર મુનિએ પોતાના આત્મહિત અને આત્મકલ્યાણને અર્થે દંડકની રચના કરી છે.
૮. ઘણોદધિ અપકાયનો જ એક પ્રકાર છે.
૯. સર્વ મંગલોમાં મંગલરૂપ નવકારમય જિન શાસન સદા જય પામો.
૧૦. અનાદિ કાળથી ઘણા ઇન્દ્રિયોના સુખો ભોગવી હવે જીવ તૃપ્ત થયો છે.

**પ્રશ્ન - ૭ નીચેનું વાક્ય કયા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧. મદ કયાંક તારા સાધના જીવન ને સિદ્ધિના શિખરે પહોંચતા પહેલાં ગબડાવી ન દે.....
૨. સંખ્યામાં ગણત્રી શક્ય હોય ત્યાં સુધી સંખ્યાત શબ્દ વપરાય....
૩. કેટલાક આચાર્ય આકાશની જેમ સર્વવ્યાપી મુક્તિ છે એમ કહે છે.
૪. જે જિતેન્દ્રિય બન્યા છે તેજ સુખને પામ્યા છે, સુખી બન્યા છે.
૫. મુક્તિ પામવા યોગ્ય સામગ્રીનો જેમને અભાવ છે આવા ભવ્ય જીવોને પદ સદા દુર્લભ છે.
૬. જેમ જેમ પરાજય થતો ગયો તેમ તેમ ભરત વધારે મુંઝાવા લાગ્યા.
૭. આવા દુર્લભ માનવ ભવની આપણને મહાન પુણ્યના યોગે પ્રાપ્તિ થઈ છે.
૮. સૂરિના ઉપદેશથી મહારાવે જૈનધર્મના ઉદાત્ત આદર્શોને અપનાવ્યા, તેમજ પર્વદિનો માં અમારી પડહની ઉદ્ઘોષનાઓ કરાવી.
૯. સંસાર કરતા સંયમ વહાલું લાગ્યું.... ભોગ કરતાં ત્યાગથી પ્રીતી બંધાણી.
૧૦. વિધિપૂર્વક નું અનુષ્ઠાન કરનારાઓને જળ વગેરે ભયોમાંથી મુક્ત કરનારું તથા ઉપદ્રવોની શાન્તિ કરવા પૂર્વક તુષ્ટિ અને પુષ્ટિને પણ કરનારું છે.

**પ્રશ્ન - ૮ તમારી ભાષા માં સમજાવો** ૧૫

૧. માનવ ભવની દુર્લભતા  ૨) સિદ્ધશીલા  ૩) વર્ધમાન - પદ્મસિંહ શાહના સુકૃતો
૪. ઇન્દ્રિયોની ગુલામીના કરૂણ અંજામ  ૫) રૂપ મદ

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાળીસગામ - ૪૨૪ ૧૦૧.
જી. જળગામ. મો. ૯૦૨૮૨૪૨૪૮૪
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઇટ www.shatrunjayacademy.com